ફૂટપાથ પર જીંદગી વિતાવતા અસ્થિર મગજના ભાઈને જોઈ ત્રણ ભાઈઓને હેત ઉભરાયું

લઘરવઘર બેઠેલા અસ્થિર મગજના ભાઈને રોડ પર સ્નાન કરાવી નવા કપડા પહેરાવ્યા

ડીસા, તા. ૧૬

આજના હળાહળ કળીયુગમાં જર જમીન અને જોરૂ માટે ભાઈ ભાઈનું કાસળ કાઢતા વિચાર કરતો નથી ત્યાં મુળ સુઈગામના અને હાલ થરાદ કૃષ્ણનગર સોસાયટીમાં રહેતા ચાર ભાઈઓ પૈકીના ભગાભાઈ આંબાભાઈ વજીર અસ્થિર મગજના છે. તેઓ ભાઈઓ સાથે રહેવાને બદલે ઘરેથી નીકળી વિવિધ વિસ્તારોમાં રખડે છે.

જ્યાં રાત પડે ત્યાં સુઈ જાય છે અને કોઈ ભોજન આપે તો ભુખ ભાગે છે. ભગાભાઈ વજીર વધેલી દાઢી અને મેલા ઘેલા કપડામાં ડીસા મામલતદાર રોડ પર પોલીસલાઈન નજીક ફૂટપાથ પર બેઠા હતા ત્યારે ત્યાંથી પસાર થયેલા તેમના સગાભાઈઓ તેજાભાઈ, ભુરાભાઈ, પ્રેમાભાઈનું હૃદય પોતાના ભાઈની દશા જોઈ દ્રવી ઉઠ્યું અને નજીકમાં આવેલી ચાની લારી પરથી ડોલ લાવી ત્રણેય ભાઈઓએ પોતાના અસ્થિર મગજના ભાઈને સ્નાન કરાવ્યું હતું. ત્યાર બાદ કપડા પહેરાવી પોતાના વતનમાં લઈ ગયા હતા. આ બાબતે ભુરાભાઈ વજીરે જણાવ્યું હતું કે અમારા ભાઈ ભગાભાઈની પત્નિને સાસરીયાવાળા મોકલતા નહોતા જેમાં પત્નિનું મોત થયા બાદ ભગાભાઈનું મગજ અસ્થિર બની ગયું છે અમે તેને અમારા ઘરે રાખવા ઘણા પ્રયત્ન કરીએ છીએ પરંતુ ગમે ત્યારે ઘરેથી નીકળી જાય છે અને અમારી દીકરીઓના લગ્ન વખતે ભગાભાઈને શોધીને ઘરે લઈ ગયા હતા પરંતુ ફરી તેઓ ઘરેથી નીકળી ગયા હતા. ખરેખર અત્યારે સ્વાર્થ દુનિયામાં ભાઈ-ભાઈનો રહ્યો નથી ત્યારે અસ્થિર મગજના ભાઈ પ્રત્યેની ત્રણ ભાઈઓની લાગણી અને પ્રેમ જોતા થાય છે કે 'કડવી હોય ભલે લીમડી શીતળ એની છાંય બાંધવ હોય અબોલડા તોય પોતાની બાંય.'

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પાલનપુરમાં ૧૦ કલાકના વીજ કાપથી જનતા પરેશાન

પાલનપુર, તા. ૧૬

પાલનપુરમાં આજે સવારે ૮.૦૦વાગ્યાથી સાંજના ૬.૦૦વાગ્યા સુધી સતત ૧૦ કલાકના વીજ કાપથી નગરજનો પરેશાન થઈ ઉઠ્યાં હતા. આ વીજ કાપના કારણે સિવિલ તથા અન્ય હોસ્પિટલોમાં દાખલ દર્દીઓને ભારે હાલાકી વેઠવી પડી હતી.

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા પાલનપુરમાં આજે વીજ લાઈનો, ડી.પી. વાયરો, હેવી લાઈનો વગેરેનું સમારકામ તકનીકી સ્ટાફ દ્વારા હાથ ધરવા ૧૦ કલાકનો વીજ કાપ જાહેર કર્યો હતો. આ વીજ કાપ અંગે વીજ કંપની દ્વારા ગીકાલે જ શહેરમાં લાઉડ સ્પીકરવાળી રીક્ષાઓ ફેરવી જાહેરજનતાને સૂચિત કરવામાં આવી હતી. રવિવારે રજાના દિવસે સળંગ ૧૦કલાક જેટલા લાંબા સમય સુધીના વીજ કાપના કારણે નાના ભુલકાઓથી લઈને વયોવૃદ્ધ વડીલો સુધીના સૌ કોઈ ત્રાહિમામ પોકારી ગયા હતા. વળી, આજે ભારત-શ્રીલંકા વચ્ચેની આખરી વન ડે ક્રિકેટ મેચ પણ ક્રિકેટ રસિયાઓએ રેડીયો પર કોમેન્ટ્રી સાંભળી માણવી પડી હતી. પાલનપુરની લગભગ દોઢેક લાખની જન સંખ્યા આ વીજ કાપના કારણે પ્રભાવિત થઈ હતી. જેમાં સિવિલ તેમજ અન્ય હોસ્પિટલોમાં દાખલ દર્દીઓએ ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. શહેરમાં બાળકોને રવિવારે આઈસ્ક્રીમના પાર્લરોના ફ્રીઝ બંધ હોવાથી આઈસ્ક્રિમ પણ ખાવા મળ્યો નહોતો.

ડીસા જી.આઈ.ડી.સી.માં લુંટ કરનાર આરોપી અઢી વર્ષે ઝડપાયો

ડીસા, તા. ૧૬

ડીસા જી.આઈ.ડી.સી.માં ચાંદી ગાળવાની ફેક્ટરી ધરાવતા વેપારી પાસેથી અઢી વર્ષ અગાઉ રૂ. ૧૨ લાખની કિંમતની ૨૫ કિલો ચાંદીની લૂંટના પ્રકરણમાં ડીસા પોલીસે વધુ એક આરોપીને ઝડપી લીધો છે. હાલમાં ઝડપાયેલો આરોપી અનેક ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો છે.

ડીસા જી.આઈ.ડી.સી.માં ચાંદીની રીફાઈનરી ધરાવતા રમેશભાઈ રામજીભાઈ સોની ગત તા. ૧૭એપ્રિલ-૨૦૧૨ ના રોજ રાત્રે નવેક વાગ્યે ડીસાના સોની બજારના વિવિધ વેપારીઓને ત્યાંથી ગાળવાની ચાંદી ઉઘરાવી પોતાની ફેક્ટરી ઉપર જતા હતા ત્યારે જીઆઈડીસીના અંદરના રસ્તે બે શખ્સોએ તેમનું એક્ટીવા રોકી ધક્કો મારી નીચે પાડી દઈ ૨૫ કિલો ચાંદી ભરેલો થેલો અને એક્ટીવા લઈ નાસી છૂટ્યા હતા. જે અંગે તેઓએ ડીસા શહેર પોલીસમથકે જાણ કરતાં તત્કાલીન ડીવાયએસપી આર.આઈ. પટેલ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. જેમાં તેમનું એક્ટીવા બિનવારસી પાટણ હાઈવે ફાટક પાસેથી મળી આવ્યું હતું. જેમાં પોલીસે તપાસ દરમિયાન ગણતરીના દિવસોમાં રૂ. ૧૨ લાખની ચાંદીની લૂંટનો ભેદ ખોલી કુલ ચાર આરોપીની અટકાયત કરી મોટાભાગનો મુદ્દામાલ રીકવર કર્યો હતો.

જો કે લૂંટ કેસમાં ચાંદી વેચવામાં મદદગારી કરનાર આરોપી તુલસી ઉર્ફે કલાજી જગાજી ચૌહાણ (રહે. ગોંગોલ, તા. દિયોદર) પોલીસની પકડથી બહાર હતો. જેને દિયોદર પોલીસની મદદથી ડીસા પોલીસે ઝડપી લીધો હતો.

આ વિશે ડીસા દક્ષિણ પોલીસ તપાસ અમલદાર માનસિંગ રાજપૂતે જણાવેલ કે ડીસા દક્ષિણ પોલીસ દ્વારા ચાંદી લૂંટ કેસમાં ઝડપાયેલા તુલસીનો ઈતિહાસ અનેક મોટા ગુનાઓ સાથે જોડાયેલો છે. તેની સામે વર્ષ ૨૦૦૪ માં ડીસા જીઈબીના રૂ. બે લાખની કેસ લૂંટ, ડીસા તાલુકા પોલીસ મથકે પિસ્તોલ રાખવાનો કેસ, થરાદ પોલીસ મથકે છેતરપિંડીનો કેસ તેમજ દિયોદર પોલીસમથકમાં દારૂનો કેસ નોંધાયેલો છે.

ખેડબ્રહ્મા શહેર પોલીસ અને ખેડબ્રહ્મા યુવા દ્વારા ટ્રાફીક સુરક્ષા સપ્તાહ અંતર્ગત શહેરના લક્ષ્મીપુરા ચાર રસ્તા પર વાહન ચાલકોને ટ્રાફીકના નિયમો પાળવા સમજાવવામાં આવ્યું હતું. બાઈક ચાલકોએ હેલમેટ અને કાર ચાલકોને સીટ બેલ્ટ બાંધવા સમજાવી રેડ રીબીન બાંધી ચોકલેટ આપી ટ્રાફીક નિયમો પાલન કરવા કહ્યું હતું. આ પ્રસંગે ખેડબ્રહ્મા પીએસઆઈ જી.કે. ઈસરાણી, બ્રિજેશ બારોટ તથા યુવાના વોલેન્ટીયર્સ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ)

ડીસામાં ગેરકાયદેસર શોપિંગ મામલે હંગામો

લોકોએ બિલ્ડરનો હુરિયો બોલાવતા બિલ્ડર છૂમંતર

ડીસા, તા. ૧૬

બનાસકાંઠાના મુખ્ય વહેપારી મથક ડીસા બિલ્ડર લોબી દ્વારા આડેધડ ઉભા કરતાં શોપિંગ સેન્ટરોથી સિમેન્ટ કોંક્રેટનાં જંગલમાં ફેરવાઈ રહ્યું છે. અહીં બિલ્ડીંગ બાયલોઝ નિયમો પાલિકાની નિષ્ક્રિયતા અને ભાગ બટાઈનાં કારણે અમલ થતા નથી. જો કે આ બિલ્ડરોમાંના એક બિલ્ડરે સોસાયટીનાં રહેણાકં વિસ્તારમાં શોપિંગ ઉભું કરતા હંગામો મચ્યો હતો અને લોકોએ બિલ્ડરનો હુરિયો બોલાવતા બિલ્ડર રફુચક્કર થઈ ગયો હતો.

બનાસકાંઠાના ડીસામાં એક લાખની વસ્તી સામે અંદાજીત ૨૫૦ શોપીંગ સેન્ટરો અત્યાર સુધી આકાર પામ્યા છે. જેમાં મોટા ભાગના શોપિંગ સેન્ટરો ઈન લીગલ શોપિંગ સેન્ટરો તરીકે નામના મેળવી ચુક્યા છે. આ શોપિંગ સેન્ટરોમાં કેટલાક શોપિંગ સેન્ટરોની જમીન શરતભંગે ખાલસા થયેલ છે. જ્યારે કેટલાક શોપિંગ સેન્ટરોની ગેરકાયદેસરતા મામલાની કલેક્ટર બનાસકાંઠા, મહેસુલ સચિવ ગાંધીનગર અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં વિવાદિત અપીલ અને સુનાવણીમાં છે, અહીં દસ બાય દસ ફૂટ દુકાનોના ભાવ ૩૦ લાખથી વધુ છે. જો કે સીટી સર્વે કચેરી અને ડીસા પાલિકાની ગંભીર નિષ્કાળજી અને આંખ આડા કાન કરવાની વૃત્તિએ અહીં અનેકો બિલ્ડરોએ પોપાભાઈનું રાજ સમજી આડેધડ બિલ્ડિંગ બાયલોઝ નિયમો અને નકશા વિરૂદ્ધ તો વળી કેટલાક કિસ્સામાં રહેણાંક વિસ્તારમાં શોપીંગો બનાવેલ છે. આ મામલે ચોંકાવનારા અહેવાલો એવા પણ મળેલ છે કે ચાર વર્ષ અગાઉ ન્યાયિક કાર્યવાહી એ તત્કાલીન બનાસકાંઠા કલેક્ટર હારિત શુક્લાએ હાઈવે વિસ્તારનાં ડોક્ટર હાઉસ પાસેના રેખા નિયંત્રણનો ભંગ કરતા અનેકો માલેતુજારોના શોપિંગ સેન્ટરો શરતભંગની કાર્યવાહીએ ખાલસા કર્યા હતા. જો કે આ ન્યાયિક હુકમ સીટી સર્વે ડીસા કચેરીની નિષ્ક્રિયતાએ અમલ બજવણી વિના ધૂળ ખાઈ રહ્યો છે. સ્થાનિકોની ન્યાયિક ફરિયાદો ટલ્લે ચઢાવાય છે. જેનાથી કુદકે અને ભૂસકે આવા અન અધિકૃત શોપિંગ સેન્ટરો નિત્ય બની રહ્યા છે. ત્યારે બિલ્ડર લોબીથી બાજ આવેલા વંદના બંગ્લોઝ સોસાયટીના રહીશોએ એક બિલ્ડરની દાદાગીરી સામે બાયો ચઢાવી છે. વંદના બંગ્લોઝમાં સ્થાનિક બિલ્ડર રહેણાંકના પોતાના પ્લોટમાં મંજુરી વિના કોમર્શીયલ શોપિંગ સેન્ટર ઉભું કરતા વિવાદ છેડાયો હતો. અને સ્થાનિકોએ બિલ્ડરનો હુરિયો બોલાવી હાય હાયના સુત્રો પોકારી આ કામ બંધ કરાવ્યું હતું. સ્થાનિક લોકોએ આ અન અધિકૃત બાંધકામ તાત્કાલિક કાયદેસરતા ચકાસવા જિલ્લા કલેક્ટર રાણા જાહેર હિતાર્થે હુકમ કરે તેવી પણ સ્થાનિકોએ માંગ કરેલ છે.

જો કે લોક રોષ જોઈ બિલ્ડર મેદાન છોડી ભાગવાની ફિરાક કરતો નજરે પડ્યો હતો. મીડિયાકર્મી સામે બિલ્ડર નાસીપાસ થઈ ગયો હતો અને પોતે આ મામલે હાથ ખંખેરી જાણે કઈજ જાણતો નથી તેવો ભાવ વ્યક્ત કરી રફુચક્કર થઈ ગયા હતા. ત્યારે આ મામલામાં બિલ્ડરનાં શોપિંગ સેન્ટરની કાયદેસરતા કે સ્થાનિક લોકોની ફરિયાદ સાચી છે તેની ડીસા પાલિકા ચીફ ઓફિસર સ્થળ તપાસ કરાવે તેવી પણ માંગ ઉઠી છે.

ખેડબ્રહ્મા તાલુકાની બે શાળાઓમાં બોગસ ભરતી કૌભાંડ : ૧૭ વિરૂદ્ધ ફરીયાદ

સરકાર સાથે ઠગાઈ કરવાના હેતુથી ખોટા દસ્તાવેજો બનાવી સહીઓ કરી ખોટી નિમણુંકો મેળવી

ખેડબ્રહ્મા, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાની બે માધ્યમિક શાળાઓમાં કર્મચારીઓની બોગસ ભરતી અંગે બંને શાળાના સંચાલકો સહીત ૧૭ વિરૂદ્ધ ગાંધીનગરના શિક્ષણ જગતમાં સન સનાટી મચી જવા પામી છે.

ગુજરાત રાજ્યમાં સરકારી શાળાઓ સિવાય ખાનગી શાળાઓની મંજુરી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ આપે છે અને શિક્ષણ નિયામકની મંજુરી લઈ શૈક્ષણિક અને બીન શૈક્ષણિક કર્મચારીઓની નિમણુંક જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવે છે અને તે અંગે ગ્રાન્ટ-અનુદાન વગેરે ચુકવવામાં આવે છે. પણ ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામની બી.એસ. વાઘેલા માધ્યમિક અને માતૃશ્રી એન.એસ. વાઘેલા ઉચ્ચત્તર માધ્યમિક શાળા તથા ગુંદેલ ગામની માતૃશ્રી સી.એસ. બ્રહ્મભટ્ટ હાઈસ્કૂલમાં બોગસ ૧૫ કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે. સરકાર સાથે ઠગાઈ કરવાના હેતુથી સરકારના બનાવટી દસ્તાવેજો-ઠરાવો બનાવી સહીઓ વાળા બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી સાબરકાંઠા જિલ્લા કચેરીમાં રજુ કરી શિક્ષક તરીકે ખોટી નિમણુંકો મેળવી કર્મચારીઓને તફાવત સહીતના પગાર પણ ચુકવી દેવામાં આવ્યા છે. આ અંગે શિક્ષણ વિભાગ-ગાંધીનગરમાં લેખિત રજૂઆત થતાં તપાસના ધમધમાટ પછી બંને શાળાના સંચાલકો અને ૧૫ કર્મચારીઓ વિરૂદ્ધ ગાંધીનગરની શિક્ષણ કચેરીના મદદનીશ નિયામક રહીમ તુલ્લા હબીબ જુનકીપાએ ખેડબ્રહ્મા પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ જી.કે. ઈસરાનીએ વધુ તપાસ હાથ ધરી છે.

કૌભાંડ બહાર કઈ રીતે આવ્યું

ખેડબ્રહ્મા તાલુકાના નાના સેબલીયા ગામની સૌરભ વિદ્યાલયમાં નોકરી કરતા ચિરાગભાઈ પટેલે તા. ૧૦ સપ્ટેમ્બર-૨૦૧૪ ના રોજ શિક્ષણ નિયામકને ૧૫ કર્મચારીઓને બોગસ નિમણુંક પત્રો દ્વારા નોકરી આપવામાં આવી છે તેમાં નારાયણભાઈ, બાબુભાઈ અને મહેન્દ્રભાઈ ગોસાઈ સંડોવાયેલા છે અને લાખો રૂપિયા ઉઘરાવ્યાનો ચિરાગભાઈ પટેલે આક્ષેપ કર્યો છે. આ લોકોએ કર્મચારીઓ પાસે વધુ રકમ માગતા ચિરાગભાઈએ શિક્ષણ વિભાગના હૂકમ નં. બ.મ.સ. ૧૦૦૯/૯૨ (ગ) સાથે મોકલી શિક્ષણ વિભાગને ફરીયાદ કરી હતી. જેથી શિક્ષણ વિભાગે તપાસ હાથ ધરતાં બોગસ ભરતી કૌભાંડની પુષ્ટી થવા પામી હતી.

કોના કોના વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

બી.એસ.વાઘેલા માધ્યમિક અને માતૃશ્રી એન.એમ. વાઘેલા ઉચ્ચત્તર માધ્યમિક શાળા,પરોયા

(૧) સંચાલક, (૨) કર્મચારીઓ - વી.એ. બહોરા, એન.ડી. વાઘેલા, એસ.ડી. પટેલ, એ.એ. બારોટ, શ્રીમતિ એ.કે. પટેલ, શ્રીમતિ ડી.વી. રાવલ, શ્રીમતિ ટી.જી. રાવલ, એન.એ. પટેલીયા

માતૃશ્રી સી.એસ. બ્રહ્મભટ્ટ હાઈસ્કૂલ, ગુંદેલ

(૧) સંચાલક, (૨) કર્મચારીઓ - શ્રીમતિ પી.વી. પટેલ, એન.વી. શ્રીમાળી, ટી.જી. રાવલ, એસ.એમ. રાવલ, શ્રીમતિ આર.એમ. પટેલ, એસ.એન. ત્રિવેદી, એન.એસ. વ્યાસ.

(તસવીર : જય અમીન, મોડાસા)

માઝુમ નદીના કાંઠે અરવલ્લીની ગીરીમાળાઓની વચ્ચે વસેલા મોડાસામાં ગાંધીનગર અને મોડાસા માહિતી કચેરી દ્વારા રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સાર્વજનિક બાબતોમાં પારદર્શકતા વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં મ.લા. ગાંધી મંડળના પ્રમુખ ડૉ. અરુણભાઈ શાહની અધ્યક્ષતામાં યોજાયો હતો. પત્રકારોને સેફ ગાર્ડ અને સ્વતંત્ર રીતે કાર્ય કરવાનું સંબોધનમાં જણાવ્યું હતું. મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે ભારપૂર્વક વકતવ્ય આપ્યું હતું અને કહ્યું હતું કે પત્રકારો માત્ર એક જ સમુદાય કે વિષય સાથે સંકળાયેલા હોતા નથી. ન્યાયી નિષ્પક્ષ પત્રકારત્વ જ સમાજ અને દેશને સાચી દિશા બતાવી શકે છે. પત્રકારો સમાજનું અભિન્ન અંગ છે. દરેક સમાજના ઉત્થાનમાં પત્રકારોનો સિંહ ફાળો રહેલો છે તેમ નિલેશભાઈ જોષીએ જણાવ્યું હતું.

પ્રાંતિજ ડિઝલ ચોરી કરતી ગેંગ સક્રીય

ચંચળબા નગરમાં માર્ગની બાજુમાં પાર્ક કરેલ ટ્રકમાંથી ગત રોજ ચોર ઈસમો ડીઝલ ચોરી કરી ફરાર થઈ ગયા

પ્રાંતિજ, તા.૧૬

પ્રાંતિજ નજીક ચંચળબા નગરમાં માર્ગની બાજુમાં પાર્ક કરેલ ટ્રકમાંથી ડીઝલની ચોરી થતા પ્રાંતિજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે નં. ૮ પર પ્રાંતિજમાં ચંચળબા નગર આવેલ છે. જયાં એક હોટલ નજીક એક ટ્રકમાં અચાનક ખામી સર્જાતા ટ્રક ચાલકે ટ્રક ત્યાં જ પાર્ક કરી હતી અને બાદમાં તે ચાલક અને અન્ય એક કલીનર ટ્રક પાસે જ સુઈ ગયા હતાં. મોડી રાત થતા કોઈ અજાણ્યા ઈસમોએ ટ્રકની ડીઝલ ટેંકનું તાળુ તોડી અંદર રહેલ બધુ ડીઝલ ચોરી કરી પલાયન થઈ ગયા હતા. વહેલી સવારે ડ્રાઈવર અને કલીનરે ઉઠીને જોતા તેમની નજર બાજુમાં પડેલા ડીઝલ ટેંકના તાળા ઉપર પડી હતી આથી બંને વ્યકિતએ ટેંક પાસે જઈ જોતા ટ્રકમાંથી ડીઝલ ચોરી થઈ હોવાની જાણ થઈ હતી.

વારંવાર હાઈ-વે પર મોટા ટ્રક અને વાહનોમાંથી ડીઝલ, ટાયર અને માલસામાન ચોરી થવાની ઘટના પોલીસ ચોપડે ન નોંધાતા ચોરોને મોકળુ મેદાન મળી ગયું છે ત્યારે હાઈ-વે પોલીસ માત્ર દિવસ દરમિયાન હપ્તા લઈને રાત્રિના સમયે ઘોર નિંદ્રા લે છે જેથી આવી ગેંગ સક્રિય તથા રાત્રિ સમયે મુસાફરી કરી રહેલા મુસાફરો અને વાહન ચાલકોમાં ભયનો માહોલ ફેલાયો છે. હાઈ-વે પોલીસ અને સ્થાનિક પોલીસ રાત્રિના સમયે હાઈવે બંદોબસ્ત રાખે તે સમય હવે પાકી ગયો છે.

ડીસામાં ભારત વિકાસ પરિષદનો વાર્ષિકોત્સવ યોજાયો

ડીસા, તા. ૧૬

પ્રખર રાષ્ટ્રવાદને ઉજાગર કરવા વિવિધ પ્રવૃત્તિઓ કરતી સેવાભાવી સંસ્થા ભારત વિકાસ પરિષદ, ડીસા શાખાનો વાર્ષિકોત્સવ પારકર ભુવન ડીસામાં ધામધૂમથી સંપન્ન થયો.

બનાસકાંઠા જિલ્લાના ઈન્ચાર્જ ડી.એફ.ઓ., સાહિત્યકાર કનુભાઈ આચાર્ય સમાજના હિતચિંતક જયંતીભાઈ ઠક્કર ઓઢાવાળા, ભા.વિ.પ. ઉત્તર પ્રાંતના ઉપપ્રમુખ ડૉ.અજયભાઈ જોષી ,શાખા પ્રમુખ પરેશભાઈ, મંત્રી મહોદય હરેશભાઈ ઠક્કર, ટ્રસ્ટી હરિશભાઈ પટેલ, જયેશ દેસાઈ જેવા મહેમાનોના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય વિધિ સંપન્ન થઈ હતી. વંદેમાતરમનું પૂર્ણ ગાન ભાવવાહી શૈલીમાં ડૉ.અજયભાઈ જોષીએ રજૂ કરીને વાતાવરણને રાષ્ટ્રપ્રેમથી છલકાવી દિધુ હતું.

સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન આર્શદ્રષ્ટા સ્વ.જવાહરલાલ નહેરૂનો જન્મદિવસ હોવાથી બાલદિન તરીકે થતી ઉજવણીમાં સહભાગી થવા બાળકો દ્વારા ગીત સંધ્યા તથા ડાન્સનું આયોજન કરીને કાર્યક્રમને સુંદર ઓપ આપ્યો હતો. આ પ્રસંગે સંગીતપ્રેમી વડીલોએ પણ

સંગીતગુરૂ આશુતોષભાઈના માર્ગદર્શન મુજબ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. ડીસા ન.પા.ના પૂર્વ પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ, રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના ઉચ્ચ પદાધિકારીઓ જગદીશભાઈ ચાવડા, પ્રતાપભાઈ ઠક્કર, શૈલેષભાઈ માળી, ભાનુભાઈ પટેલ, વિવિધ શાળા-મહાશાળાઓમાંથી પધારેલા આચાર્યો તથા પ્રધાન આચાર્યોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને મનભરીને માણ્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, ફુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦